104001904

**CSM-1**

Answer Book
જવાબવહી

(ખાખી/કાળા રંગનું સ્ટીકર અહીં ચોંટાડવું)
(Paste Brown/Black Sticker here)

GPSC - 2019

# 2018-19

વિષય : **Gujarati (CSM-1)**
પરીક્ષાની તારીખ : **17/02/2019**
**Marks : 150** **Duration : 3 Hours**

| પ્રશ્ન ક્રમાંક | કુલ ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|
| Q-01 | 20 | 10.5 |
| Q-02 | 10 | 3.5 |
| Q-03 | 10 | 6 |
| Q-04 | 10 | 4 |
| Q-05 | 10 | 5 |
| Q-06 | 10 | 6.5 |
| Q-07 | 10 | 5.5 |
| Q-08 | 10 | 4.5 |
| Q-09 | 10 | 4 |
| Q-10 | 10 | 6 |
| Q-11 | 10 | 4.5 |
| Q-12 | 10 | 3 |
| Q-13 | 20 | 10 |
| મેળવેલ કુલ ગુણ આકડામાં | 150 | 73 |
| મેળવેલ કુલ ગુણ શબ્દોમાં | | Seventy Three |

ઉમેદવારે આ જગ્યામાં કંઈ લખવું નહીં

GPSC-2019

104001904

પરીક્ષકનું નામ, સહી અને તારીખ / Examiner's ... ture

## સૂચનાઓ

(૧) ઉમેદવારના પ્રવેશપત્ર પરનો બેઠક નંબર, ટિકીટ નંબર, વિષય કોડ તથા બારકોડ સ્ટીકર પરનો ટિકિટ નંબર, બેઠક નંબર તથા વિષય કોડ એક જ છે તે ચકાસીને ઉપર બતાવેલ બોક્સમાં બારકોડ સ્ટીકર ચોંટાડવું. ત્યારબાદ નિરીક્ષકની સૂચના પ્રમાણે ખાખી/કાળા રંગનું સ્ટીકર તેના ઉપર ચોંટાડવું.

(૨) ઉમેદવારે નિયત જગ્યા સિવાય જવાબવહીના કોઈપણ ભાગમાં ટિકિટ નંબર, બેઠક નંબર કે તખલ્લુસ દર્શાવવા નહિ કે કોઈ પણ પ્રકારની નિશાની કરવી નહિ.

(૩) ઉમેદવાર વાદળી કે કાળી શાહીની બોલપેનથી ઉત્તરો લખી શકશે. પરંતુ તે સિવાયની કોઈ પણ રંગની શાહી, બોલપેન કે સ્કેચ પેનનો ઉપયોગ કરી શકશે નહિ.

(૪) ઉમેદવારે જવાબવહી નિરીક્ષકને સોંપતા પહેલાં ખાતરી કરી લેવી કે તેના ઉપર નિરીક્ષકની સહી થયેલ છે. નિરીક્ષકની સહી વગરની જવાબવહી તપાસવામાં આવશે નહિ.

(૫) **ઉમેદવારે જે તે પ્રશ્ન માટે રાખવામાં આવેલ નિયત જગ્યામાં જ જવાબ લખવાના રહેશે.**

(૬) **ઉમેદવારે જે તે પ્રશ્ન માટે રાખવામાં આવેલ નિયત જગ્યા સિવાય અન્ય જગ્યાએ ઉત્તરો લખેલ હશે તો તે તપાસવામાં આવશે નહિ તથા શૂન્ય ગુણ આપવામાં આવશે.**

(૭) **જે તે પ્રશ્નમાં માંગેલ જવાબોની સંખ્યા મુજબ પ્રથમ લખેલ જવાબો મૂલ્યાંકન અને ગુણપ્રદાન માટે ધ્યાને લેવાશે અને તે સિવાયના જવાબો માટે શૂન્ય ગુણ ગણવાના રહેશે.**

(૮) **જવાબ લખવા માટે અલગથી કોઈ પ્રકારની જવાબવહી/પુરવણી આપવામાં આવશે નહિ.**

(૯) ઉમેદવારે જે પ્રશ્નનો ઉત્તર ના લખેલ હોય અથવા જ્યાં ખાલી જગ્યા રહેલ હોય ત્યાં ત્રાંસી લીટી કરવાની રહેશે.

(૧૦) ઉપર્યુક્ત સૂચનાઓનો ભંગ કરનારને આયોગ યોગ્ય શિક્ષા કરી શકશે.

(૧૧) બેઠક નંબર લખવામાં ઉમેદવાર ભૂલ કરશે તો તે પછી કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

(૧૨) આ પ્રશ્નપત્રમાં જવાબનું માધ્યમ ગુજરાતી રહેશે. અને ઉમેદવારે તે જ માધ્યમમાં જવાબ આપવાના રહેશે અન્યથા જવાબવહી તપાસવામાં આવશે નહીં.

Scanned by CamScanner

104001904

CSM-1

①

અહીંથી ઉત્તરો લખવાનું શરૂ કરો.

પ્રશ્ન : ૧ નીચે આપેલ પાંચ વિકલ્પોમાંથી કોઈ એક મુદ્દા પર ઓછામાં ઓછા ૨૫૦ અને વધુમાં વધુ ૩૦૦ શબ્દોમાં, યોગ્ય ઉદાહરણોનો આધાર લઈને નિબંધ લખો.

મેળવેલ ગુણ

કુલ ગુણ : 20

૧.૧ આધુનિક મનુષ્યની ભૌતિકવાદી જીવનશૈલીનાં પરિણામો

૧.૨ ગાંધીજીનાં વ્યક્તિત્વનાં કયાં પાસાંઓને લીધે તેઓ અદ્વિતીય બન્યા?

૧.૩ ગુજરાતી ડાયસ્પોરા – આરંભ, વિકાસ અને પરિણામો

૧.૪ ભારતીય ન્યાયિક પ્રક્રિયાના પ્રશ્નો અને ઉપાયો

૧.૫ ડિજિટલ યુગમાં બાળકોમાં પરંપરાગત રમતોને લોકપ્રિય કરવા અંગેના પડકારો

Ans. : ૧.૨ : ગાંધીજીના વ્યક્તિત્વના....

હિંદની આઝાદીની ~~લડત~~ ચળવળમાં અનેક રાષ્ટ્રવાદીઓ, ક્રાંતિકારીઓ અને લોકપ્રતિનિધિઓએ પોતાની વિચારધારા અને શક્તિને

આધારે અંગ્રેજોની વિરુદ્ધ લડાય કરી. જેમાં સૌથી અલગ તરી આવતું વ્યક્તિત્વ એટલે- 'ભારતના રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધી.' તેમના વિચારો અને જીવનમાં કરેલાં 'સત્યના અનેક પ્રયોગો' થી આજે ઈતિહાસમાં અમર થઈ ગયાં. ગાંધીજીના સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજનીતિક, સાંસ્કૃતિક અને નૈતિક વિચારોથી તેમનું વ્યક્તિત્વ બન્યું અને તેને જ કારણે તેઓ અદ્વિતીય થયાં.

સામાજિક રીતે જોઈએ તો ફ્રાંસની ~~ક્રાંતિ~~ ક્રાંતીથી ઉદ્ભવેલા સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વના વિચારોનું ગાંધીજીએ વિસ્તૃતીકરણ કર્યું અને હિંદની સઘળી જરૂરીયાતોને આધારે ઓપ આપ્યો. મારા હિંદની ચળવળમાં મહિલાઓને પણ શામેલ કરી. દા.ત. બારડોલી, રાજકોટ, સત્યાગ્રહો, અસહકાર આંદોલન વગેરેમાં મહિલાઓનો નોંધપાત્ર ફાળો રહ્યો. સત્યાગ્રહના આગ્રહી મહાત્માએ સ્વૈચ્છાગ્રહ નો મંત્ર આપ્યો. હરિજન આશ્રમમાં દરેકને જાતી, ધર્મથી પરે થઈ એક જ માનવધર્મની સ્થાપના કરી...

"જાતી પાતી સબ છોડો,
હરિકો ભજે સો હરિ કા હોય"

આ ઉપરાંત પરોપકારનું મહત્વ સમજાવતા કહ્યું કે 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ....' આમ, સામાજિક વિચારધારાથી એક સમાજનું નિર્માણ કર્યું પણ સાથે આર્થિક વિચારધારા પણ કંઈક આવી જ હતી.

આર્થિક રીતે ગાંધીજીએ ગ્રામ સ્વરાજ, સર્વોદય, ખાદીનું મહત્વ, મશીનોનો આંધળો ઉપયોગ અને અંગ્રેજોની શોષણખરી નીતિ વિરુધ્ધ સત્યાગ્રહ (દાંડી કૂચ) જેવા પ્રયોગો આપ્યાં જે અદ્વિતીય હતાં. આ પહેલા આવા વિચારો હિંદમાં જોવા નહોતા મળ્યાં.

રાજનીતિમાં સક્રિયપણે ભાગીદારી કરી લોકોનું પોતાના ઉપર જ સ્વશાસન હોવું તેવી વિચારધારા આપી. જે લોકશાહીનું આધુનિક મોડલ કહેવાય છે. સંસદીય પ્રણાલીને કુશબ્દો કહી પછોડી કાઢી. આદર્શ રામરાજ્ય સ્થાપવાની વાત કરી. રાજનીતિ અને ધર્મના સંગમની વિચાર આપ્યો.

ધાર્મિક રીતે જૈન, હિંદુ, બૌધ્ધ, ઇસ્લામ, ઇસાઇ અનેક ધર્મોનો તેમના વ્યક્તિત્વ ઉપર

Scanned by CamScanner

ઉંડો પ્રભાવ પડ્યો હતો. જેના કારણે તેમણા સૌથી મોટા શસ્ત્રો – 'સત્ય' અને 'અહિંસા'ને જીવનપર્યંત ટકાવી રાખ્યા અને આ પ્રયોગોથી વિશ્વ તેમને આજેય યાદ કરે છે.

'અહિંસા સાધન છે – જેના વડે સત્યરૂપી સાધ્યની પ્રાપ્તિ કરી શકાય'
– ગાંધીજી

સાંસ્કૃતિક દ્રષ્ટિએ ગાંધીજી કહેતા કે "પોતાના ઘરના બારણા બંધ રાખવા પણ બારીઓ ખુલ્લી, જેથી બાહ્ય હવા સાથે આંતરસંબંધ સાધી શકાય." બાહ્ય સંસ્કૃતિનું સારું ગ્રહણ કરવું અને પોતાના ભવ્ય વારસાને જાળવી રાખવાના વિચારો આપ્યાં.

નૈતિક દ્રષ્ટિએ ગાંધીજી 'કામ વગરનું ધન', અંતઃકરણ વગરના આરામ, સિદ્ધાંત વગરની રાજનીતિ, માનવતા વગરનું વિજ્ઞાન, ચારિત્ર્ય વગરનું જ્ઞાન, બલિદાન વગરની પૂજા, નૈતિકતા વગરનો વ્યાપાર જેવા સિદ્ધાંતો આપી વ્યક્તિગત વિકાસ પર ભાર મૂક્યો...

ગાંધીજીના વ્યક્તિત્વને ટૂંકમાં સમજાવવું સાગરને ગાગરમાં સમાવવાં જેવું છે પરંતુ સર્વાંગી દ્રષ્ટિકોણથી તેમના વિચાર, વાણી, વર્તન ને કારણે તેઓ આજેય પૂજનીય છે...

| પ્રશ્ન : ૨ | નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ પણ બે પંક્તિઓનો આશરે ૧૦૦થી ૧૫૦ શબ્દોમાં વિચારવિસ્તાર કરો. (૦૫ ગુણ × ૦૨ પંક્તિઓ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | | કુલ ગુણ : 10 |

૨.૧ સાતે રે સમદર એના પેટમાં, / છાની વડવાનલની આગ, / ને પોતે છીછરાં અતાગ: / સપનાં આળોટે એમાં છોરુ થઈને ચાગલાં: / ઊનાં રે પાણીનાં અદ્ભુત માછલાં. – વેણીભાઈ પુરોહિત

૨.૨ અમે રે સૂકું રૂનું પૂમડું, / તમે અત્તર રંગીલા રસદાર; / તરબોળી દ્યો ને તારેતારને, / વીંધો અમને વ્હાલા, આરંપાર: / આવો, રે આવો હો જીવણ, આમના. – મકરંદ દવે

૨.૩ રજકણ સૂરજ થવાને સમણે, ઊગમણે ઊડવા લાગે, જઈ ઢળી પડે આથમણે. – હરીન્દ્ર દવે

Ans. : ૨.૨. અમે રે .... – મકરંદ દવે.

અર્થગર્ભ : કવિ મકરંદ દવે ઉપર્યુક્ત કાવ્યપંક્તિમાં હરિની મહિમા ગાય અને તેનું જીવનમાં આહ્વાન કરવાનું સૂચવે છે.

વિચારગર્ભ : પોતાને સુકા-રૂના પૂમડાં સાથે સરખાવીને કવિ હરિને અતરના રસદાર કહે છે. આમ રૂ માં જેમ અતર ભળી જાય અને ઓતપ્રોત સુવાસ ફેરે એમ જીવનમાં હરિને આહ્વાન થકી મુક્ત અને જીવનની યથાર્થતાને કવિશ્રીએ દ્રષ્ટાંતાલંકાર થકી આબેહૂબ વર્ણી છે. જેમ નરસિંહ, મીરા, દયારામ કે ચૈતન્ય મહાપ્રભુએ ભક્તિનો માર્ગ અપનાવ્યો અને પ્રભુની પ્રેમલક્ષણા પામ્યાં તેમ જીવનમાં સર્વે સુખ, દુઃખ, ઈચ્છા, અંતરછા વગેરેને આરપાર વીંધીને હરિ

Scanned by CamScanner

ની શરણાગતી સ્વીકારવી. જેમ ગુજરાતીમાં કહેવત છે કે 'આપણું ધાર્યું ના થાય તો, ધાર્યું ધણીનું થાય' તેમ અહીં કવિએ વર્ણવ્યું છે.

સારગ્રાહી : જીવનમાં અલૌકિક ઈશ્વર ઉપરશ્રદ્ધા રાખી ભક્તિમય જીવન જીવવાથી જીવનમાં હરિસંચયથી ઉદ્ધાર કરી શકાય.

2½
Q.Q-12-01

૨.૩. રજકણ સૂરજ..... - હરીન્દ્ર દવે.

અર્થગ્રાહી : કવિશ્રી સૂરજ અને રજકણના દ્રષ્ટાંત વડે પ્રેમનો મહિમાં સમજાવે છે.

વિચારગ્રાહી : જેમ ઉગતા સૂરજને સૌ કોઈ નમે, તેમ રજકણ પણ તેમને મળવાને જેમ આતુર હોય તેમ આમંત્રા કરવા ઉગમણી દિશામાં ચાલતી થાય છે. અને જ્યારે સૂરજ આથમવાને ચાલ્યો હોય ત્યારે આથમણી દિશા માંડે છે. તેવી જ રીતે પ્રેમીઓ, વ્હાલા સ્વજનો આંગણે આવનારને અને ઘરેથી બહાર જનારને ગામને પાદરે મૂકવા જાય છે. ઉપર્યુક્ત પંક્તિમાં કવિશ્રી હરીન્દ્ર દવે બીજો એક વિચાર એવો પણ મૂકે છે કે જેમ સૂરજના પ્રકાશથી સમગ્ર ધરા

Scanned by CamScanner

તેજોમય બને છે ~~કેમ~~ અને તેના આથમવા
બાદ ધરા અંધકારમય. તેથી આવા સમયે
ધરાની રજકણો સહિત સમગ્ર સૃષ્ટિ તેને
આવતાં સમયે આગત અને જતાં સમયે
વિદાય માંડે છે.

સારગર્ભ :- પ્રકૃતિની રચનામાંથી સઘળું જીવન
કેમ જીવવું તેમ ~~કેત~~ કરણી સમજાવતાં
કહે છે કે આવનારને, તેજોમય કરનારને
આવકાર અને જનારને 'આવજો' કહેવું - જે
આપણી સંસ્કૃતિમાં છે.

1
Q.Q-0201

DO NOT WRITE HERE

Scanned by CamScanner

104001904

(8)

**પ્રશ્ન : ૩** નીચે આપેલ ગદ્યખંડનો (૧૮૫ શબ્દો), મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો.

આપણા આધ્યાત્મિક જગતમાં જ્ઞાન અને જ્ઞાની શબ્દો ભરપૂર રહે છે. 'જ્ઞાનમાર્ગ' નામનો નિશ્ચિત માર્ગ પણ પ્રચલિત છે. જ્ઞાન કોને કહેવાય તથા જ્ઞાની કોને કહેવાય એ બાબતમાં સૌ સૌના અલગ અલગ મત છે. જેમ કે તત્ત્વને સચોટ જાણવું તે જ્ઞાન અને આવા જ્ઞાનવાળા જ્ઞાતા પુરુષને જ્ઞાની કહેવાય – આવો મત ન્યાયાદિ શાસ્ત્રોનો છે. સાંખ્યાદિ શાસ્ત્રો વિવેકજ્ઞાનને જ જ્ઞાન માને છે, જેનો અર્થ છે પ્રકૃતિ તથા પુરુષ બન્નેનું અલગઅલગ વાસ્તવિક સ્વરૂપ જાણવું તે. આવો વિવેક કરનાર જ્ઞાની અથવા વિવેકી પુરુષ કહેવાય. જૈન તથા બૌધ્ધાદિનું કથન છે કે ચૈતન્ય તથા જડના મૂળભૂત વાસ્તવિક તત્ત્વને જાણીને ક્રમે ક્રમે જ્ઞાનનો વિકાસ કરી પૂર્ણ સત્ય રૂપને જાણવું તે સમ્યગ્જ્ઞાન કહેવાય.

વેદાન્તીઓનું કથન છે કે એકમાત્ર બ્રહ્મ જ સત્ય છે બાકી બધું મિથ્યા પ્રપંચ છે તથા હું પોતે જ બ્રહ્મ છું, મારા સિવાય બીજા કોઈની સત્તા નથી તેવું દૃઢ અપરોક્ષ જ્ઞાન તે જ જ્ઞાન છે. વૈજ્ઞાનિકોનું કથન છે કે પ્રયોગશાળા દ્વારા સાબિત થયેલા સચોટ નિર્ણયો જ જ્ઞાન છે. પ્રયોગશાળામાં જે સિધ્ધ ના થઈ શક્યું હોય તે માન્યતાઓ માત્ર છે. તેને સંભાવનાઓ કહી શકાય, જ્ઞાન નહિ. નાસ્તિકોનું કથન છે કે જે ઇન્દ્રિયો વગેરે દ્વારા સાબિત થાય તે જ જ્ઞાન છે, બાકીનું બધું અજ્ઞાન છે.

પૃ. ૧૬૮ | 'ગીતા અને જ્ઞાન' માંથી
પુસ્તક - ગીતા અને આપણા પ્રશ્નો (ગૂર્જર પ્રકાશન)
સ્વામી સચ્ચિદાનંદ

Ans. : આધ્યાત્મિક જગતમાં 'જ્ઞાનપથ'ના ? અનેક મતો છે. ? ન્યાયાદિશાસ્ત્રો 'તત્ત્વને સચોટ જાણવું – એ જ જ્ઞાન' સમજે છે જ્યારે સાંખ્યાદિ શાસ્ત્રો વિવેકજ્ઞાનને જ્ઞાન કહે છે. જૈન અને બૌદ્ધાદિમાં જડ અને ચેતનમાં ક્રમિક વિકાસને પૂર્ણ સત્યરૂપે જાણવું તે સમ્યગ્જ્ઞાન કહે છે. વેદાન્તીઓ માત્ર બ્રહ્મને જ પરોક્ષ જ્ઞાન સમજે છે. વૈજ્ઞાનિકો પ્રયોગોને આધારે નક્કી થયેલું જ્યારે નાસ્તિકો ઈન્દ્રિયો દ્વારા સાબિત થયેલું એમ જ્ઞાનના મતમતાંતરો છે.

શીર્ષક ? જ્ઞાનમાર્ગ (આશરે 60-65 શબ્દો)

6



Scanned by CamScanner

મેળવેલ ગુણ

કુલ ગુણ : 10

પ્રશ્ન : ૪ નીચે આપેલ ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો.
(૨ ગુણ × ૫ પ્રશ્નો)

સાચી સ્થિતિ એ છે કે તદ્દન લોકપ્રિય અને માહિતીપ્રદ પત્રો અને તદ્દન ભારેખમ અને દેખાવમાં શુષ્ક પત્રોએ કોઈક વચ્ચેનો માર્ગ શોધવો પડશે. સાહિત્યિક પત્રકારત્વ તો હવે પરિષદ કે અકાદમી જેવી સંસ્થાઓને આશરે જ ચાલશે એમ લાગે છે. કોઈ ઉત્સાહી વ્યક્તિ આમાં પડે તો એના હાલ આજે હાજી મહંમદ કરતાં પણ ખરાબ થાય એમ છે. સ્વાતંત્ર્યોત્તર પત્રોએ અનેક દિશાઓમાં સિધ્ધિનાં સોપાન સર કર્યાં છે. ફેલાવો, મુદ્રણ, પાનાંની સંખ્યા, સાજસજ્જા, આ બધાંની દૃષ્ટિએ વર્તમાનપત્રોએ વિકાસ અને વિસ્તાર સાધ્યો છે. ફેલાવો વધતા અખબારોનો પ્રભાવ પણ વધ્યો છે. વસ્તીનો હવે પહેલાથી ઘણો મોટો ભાગ અખબાર વાંચતો થયો છે. પણ એની સાથે અખબારની જવાબદારી પણ વધવી જોઈએ. પ્રાદેશિક પત્રોએ ફેલાવો વધાર્યા પછી વધુ પીઢ, પુખ્ત અને સ્વસ્થ બનવું જોઈએ. તથા માત્ર ફેલાવો વધારવા માટે સનસનાટી સર્જવાના વલણથી દૂર રહેવું જોઈએ. આપણો સમાજ અનેક ધર્મો, સંપ્રદાયો, ભાષાઓ અને વિચારસરણીમાં વિભક્ત છે. સમાચાર લેખનમાં થોડી ત્રુટિના ઉગ્ર પ્રત્યાઘાતો જનમાનસ પર પડતા હોય ત્યારે માધ્યમોએ સંયમ જાળવવાનું સૂત્ર ખાસ યાદ રાખવું ઘટે. "વર્તમાનપત્રો એ ભારે શક્તિ છે. પણ જેમ નિરંકુશ પાણીનો ધોધ ડુબાવે છે ને પાકનો નાશ કરે છે તેમ નિરંકુશ કલમનો ધોધ નાશ કરે છે" એ ગાંધીજીની ઉક્તિ સતત યાદ રાખવી જોઈએ.

ડૉ. યાસીન દલાલ

પૃ. ૧૮૨ | સ્વાતંત્ર્યોત્તર ગુજરાત | સં. – શિરીષ પંચાલ
પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

પ્રશ્નો

૪.૧ લેખકના મતે વર્તમાનપત્રોની તત્કાલીન સ્થિતિ કેવી છે?
૪.૨ સાહિત્યિક પત્રકારત્વ વિશે લેખકનું શું મંતવ્ય છે?
૪.3 સ્વતંત્રતા મેળવ્યા પછી વર્તમાનપત્રોની સ્થિતિ વિશે લેખક કયાં નિરીક્ષણો આપે છે?
૪.૪ વર્તમાનપત્રો સામે લેખક કયું ભયસ્થાન ચીંધે છે?
૪.૫ લેખક વર્તમાનપત્રોની પરિસ્થતિથી સંતુષ્ટ જણાય છે? કારણોસહિત ઉત્તર આપો.

Ans. :

૪.૧ : લેખકના મતે તદ્દન લોકપ્રિય અને માહિતીપ્રદ પત્રો અને ખાસ ભારેખમ શુષ્ક પત્રો વચ્ચે મોટી ભેદરેખા રહેલી છે. આવી સ્થિતિમાં

લેખક વસ્તુની રસ્તો અપનાવવા જણાવે છે.

૪.૨ : સાહિત્યિક પત્રકારત્વ વિશે લેખકને ચિંતા
થાય છે કેમ કે તે હવે પરિષદ અને સંસ્થાના Q.C-04-02
આશરા પર નિર્ભર બન્યુ છે. તેની વર્તમાન
સ્થિતિને લેખક હાજી મહંમદ ની સ્થિતિ કરતાં પણ
ખરાબ ગણે છે.

૪.૩ : સ્વાતંત્ર્યતા મેળવ્યા પછી વર્તમાનપત્રોના
વિકાસ અંગે લેખક જણાવે છે કે તેનું Q.C-04-03
મુદ્રણ, ફેલાવો, પાનાની સંખ્યા, શણગાર વધ્યો છે
સાથે મોટા જનમાનસના સંપર્કમાં આવ્યું છે.

૪.૪ : વર્તમાનપત્રોના વિકાસ અને વિસ્તારને
કારણે લેખક તેમાં વધી રહેલી ત્રુટિને
લઈને ચિંતિત છે.. લોભ પોતાની પ્રચલિતતા Q.C-04-04
માટે સનસનાટી માર્જે છે, તેમાં છપાયેલું
જનમાનસના વિચાર પર પ્રત્યાઘાત પાડતું
હોવાથી સંયમની અભાવ લેખકને
ભયસ્થાન જેવો લાગે છે.

Scanned by CamScanner

જ.૫ : ના , લેખક વર્તમાનપત્રોની પરિસ્થિતિથી સંતુષ્ટ નથી કારણો નીચે મુજબ છે.

① વર્તમાનપત્રો વ્યાપ વધ્યો સાથે જવાબદારી નથી

② વધુ જનમાનસના સંપર્કમાં હોવાથી સંયમ જરૂરી, જેનું ચિંતન સૂચવે.

③ લોકપ્રિય અને પ્રચલિતતા કરતાં લોકમાનસના, સમાજના, ધર્મોના, સંપ્રદાયો કે ભાષાના આધારે વિભક્ત દેશમાં સત્યના આધારે સુરુચિ જરૂરી.

④ તેના ઉપર નિરંકુશતા સમગ્ર રાષ્ટ્રને ડુબાવે તેવા ગાંધીજીના કથનથી અસંતોષ વ્યક્ત કરે છે

1
Q.Q-04-

DO NOT WRITE HERE

Scanned by CamScanner

પ્રશ્ન : ૫ (આશરે ૧૫૦ શબ્દો)

ઈ.સ. ૨૦૧૯માં ભારતે આંતરરાષ્ટ્રીય સ્તરની અનેકવિધ રમતોને સમાવતી લગભગ ૭૧ દેશોમાંથી ખિલાડીઓને આમંત્રિત કરતી કોમનવેલ્થ ગેમ્સનું આયોજન જવાહરલાલ નહેરૂ સ્ટેડિયમ, દિલ્હી ખાતે કર્યું છે. આ સ્પર્ધાનું ઉદ્ઘાટન વકતવ્ય ભારત દેશના મહામહિમ રાષ્ટ્રપતિ મહોદય આપશે. આ ઉદ્ઘાટન સમારંભનું ઔપચારિક ઉદ્બોધન તૈયાર કરો.

Ans. : મહામહિમ રાષ્ટ્રપતિશ્રીનું કોમનવેલ્થ ઉદ્ઘાટન સમારોહનું ઔપચારિક ઉદ્બોધન :

ઉદ્બોધન : આજના વૈશ્વિક ખેલ સમારોહમાં સમગ્ર વિશ્વના ખૂણેખૂણેથી પધારેલાં, પોતાના દેશનું પ્રતિનિધિત્વ કરતાં રમતવીરો, અત્રે ઉપસ્થિત મહાનુભવો આપ સૌનું 'ભારત' વતી હૃદયપૂર્વક સ્વાગત કરું છું.

'બ્રિટનના સંસ્થાનવાદથી અલગ આઝાદ બનેલા રાષ્ટ્રોનો એક રમતગમતનો ઉત્સવ એટલે કોમનવેલ્થ ગેમ્સ'. વર્ષોથી પરંપરાને જાળવી રાખીને આ વર્ષે પણ તેનું આયોજન કરવાનો લાભ મારા હિંદને મળ્યો તે બદલ ગર્વની લાગણી અનુભવું છું. રમતગમત જીવનનો એક અભિન્ન અંગ છે. હારજીત તો અનિશ્ચિત છે પણ માત્ર હારજીત કરતાં તે આપણને ખેલદીલી, ઈમાનદારી, એકબીજા રાષ્ટ્રો પ્રત્યેનો આદરભાવ અને લોકોથી લોકોને જોડે છે. તેથી આજના પ્રસંગે આપ સૌ માત્ર રમત નહી પણ હિંદની સંસ્કૃતિ અને લોકોને પણ દિલમાં ઉતારી ગાઢ સંબંધો કેળવો તેવી આશા સાથે, આ સૌને શુભેચ્છાઓ સહ વિરમું છું.

આભાર, જય હિંદ, જય ભારત.

Scanned by CamScanner

પ્રશ્ન : ૬ (આશરે ૧૫૦ શબ્દો)

વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં દક્ષિણ આફ્રિકાનાં પ્રતિનિધિ મંડળ અને ગુજરાત સરકાર વચ્ચે થયેલ કરારની વિશેષ બાબતો વિશે પ્રચાર માધ્યમોને જાણકારી આપતું ગુજરાત સરકારના માહિતી કમિશ્નરનું નિવેદન લખો.

મેળવેલ ગુણ

કુલ ગુણ : 10

Ans. : નિવેદન નીચે મુજબ છે.

ગુજરાત સરકાર

માહિતી ~~કમિશ્નર~~ની કચેરી

જાહેર નિવેદન

વાયબ્રન્ટ સમિટ : દક્ષિણ આફ્રિકા સાથે ઐતિહાસિક કરારો.

ગાંધીજી અને નેલ્સન મંડેલાની યાદ કરીને સાંસ્કૃતિક આદાનપ્રદાન કરતી ગુજરાત સરકારે તેનાથી આગળ વધીને આર્થિક ક્ષેત્રે દક્ષિણ આફ્રિકા સાથે તાજેતરમાં યોજાયેલ વાયબ્રન્ટ સમિટ- 2019 માં ઐતિહાસિક કરારો કર્યાં છે.

1) ગુજરાત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રોડ, રેલ્વે અને હવાઈ માર્ગો વિકસાવવા MOU કરવામાં આવ્યાં.

2) શિક્ષણક્ષેત્રે આદાનપ્રદાન માટે યુનિવર્સિટીમાં દ.આફ્રિકાના વિદ્યાર્થીઓ માટે વિશેષ સુવિધા, ~~ફિક્સ~~ ફી માં રાહત અને આવવા,જવા માટેની સરળ સગવડતાના કરારો.

3) અમેરિકાએ ભારતની જેનરીક દવાઓ ઉપરાંત કેન્સરની દવાઓ આફ્રિકામાં સસ્તા ભાવે ઉપલબ્ધ કરાવાશે.

4) આવનાર પાંચ વર્ષોમાં ગુજરાત સરકાર તરફથી 500 મિલિયન ડોલરનું આંતરમાળખું રોકાણ આફ્રિકાની ભૂમિમાં વિકસાવશે.

5) આર્થિક સહયોગ, વૈજ્ઞાનિક સંશોધન વગેરે ક્ષેત્રે પણ કરારો થયાં.

નોંધ:- વધુ માહિતી માટે અમારી વેબસાઈટ www.vibrantinformation.gov.in ની મુલાકાત લો. 6½ Q-06

માહિતી ક્રમાંક : 18/2019 — માહિતી કમિશનર

સ્થળ : ગાંધીનગર — ગુજરાત સરકાર

તારીખ : ૧૭/૦૨/૨૦૧૯

નકલ રવાના : માહિતી પ્રસારણ વિભાગ (જાહેર પ્રસિદ્ધિ સારું)

DO NOT WRITE HERE

Scanned by CamScanner

પ્રશ્ન : ૭ (આશરે ૧૫૦ શબ્દો)

દર વર્ષે જાહેર કરાતા પુરસ્કારોમાં, વર્ષ ૨૦૧૯નો ઉત્તમ કાવ્યસંગ્રહનો પુરસ્કાર 'ક ખ ગ' કવિને એમના કાવ્યસંગ્રહ 'ચ છ જ' માટે એનાયત કરવાની ઘોષણા ગુજરાત સાહિત્ય અકાદમીએ કરી છે. આ પુરસ્કાર મળ્યાનો આનંદ પ્રગટ કરતો અને કાવ્યસંગ્રહનો પરિચય આપી એની વિશેષતાઓને વર્ણવતો પત્ર કવિ ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્રના તંત્રીશ્રીને પ્રકાશન અર્થે લખે છે. આ પત્રનું લખાણ તૈયાર કરો.

| મેળવેલ ગુણ |
| --- |
| |
| કુલ ગુણ : 10 |

Ans. : પત્રલેખન

ક ખ ગ
સરનામું
શહેર
તારીખ : ૧૭/૦૨/૨૦૧૯

પ્રતિ,
તંત્રીશ્રી,
ગુજરાતી સાહિત્ય પરિષદ,
ગાંધીનગર.

શ્રી માન,

સદર જણાવવાનું કે ચાલુ વર્ષના ઉત્તમ કાવ્યસંગ્રહના પુરસ્કાર માટે મારી હૃદયની ઊર્મિ સમી 'ચ છ જ' સંગ્રહની પસંદગી થઈ તે બદલ હર્ષની લાગણી અનુભવુ છું.

'ચ છ જ' કાવ્યસંગ્રહ રચવાની પ્રેરણા મને ચાર વર્ષ પહેલા મુશાયરાથી દોર જતા

Scanned by CamScanner

સમર્થ જોયેલ '<u>કરુણ</u>' દૃશ્યથી મળી હતી- જ્યાં
ફૂટપાથ ઉપર રાતની કાળી ઠંડીમાં સૂતાં માત્ર
ફ્લેટવાસિઓ, રોડ ઉપર મધરાતે મહેફિલ માણતા
મારા દેશનું યુવાધન, પોતાની સઘળી જરૂરિયાતો
સંતોષવાથી પર્યાવરણ દ્વારા વિષય વસ્તુને
ધ્યાને રાખી કાવ્યરચનાઓ <u>અર્વાચીન લખાણની</u>
રચના કરી હતી. અંતની <u>પદ્યસુક્તમાં</u> હિંદની
સઘળી જરૂરિયાતોને સંતોષવા, <u>સમાધાનની હાકલ</u>
થકી એક <u>નવા પ્રકારની શૈલીનું</u> આલેખ કર્યું છે

આશા રાખું છું કે ~~[illegible]~~ 'ય હ જ' ને 5½ Q.07

સામાન્ય જનમાનસ સુધી પહોંચાડી <u>અનોખી પ્રસિદ્ધિ</u>
સાથે <u>નૂતન ભાષાનું નિર્માણ</u> કરી શકાય.

લિ.

DO NOT WRITE HERE

ક.પ.ગ.
(તબસ્સુમ)

પ્રશ્ન : ૮ (આશરે ૧૫૦ શબ્દો)

એક કલાપ્રેમી નાગરિક તરીકે તમે ઇચ્છો છો કે કલા-સાહિત્યજગત અંગેના સમાચારો સ્થાનિક વર્તમાનપત્રોમાં વધુ માત્રામાં પ્રકાશિત થાય. આ અંગેની દલીલ કરતું ચર્ચાપત્ર 'ટ ઠ ડ' સ્થાનિક વર્તમાનપત્રના તંત્રીને સંબોધીને લખો.

મેળવેલ ગુણ

કુલ ગુણ : 10

Ans. :

ચર્ચાપત્ર

પ્રતિ,
તંત્રીશ્રી,
ટ ઠ ડ વર્તમાનપત્ર,
શહેરનું નામ.

વિષય : કલા-સાહિત્ય જગત અંગેના સમાચારો મુદ્રિત કરવાં બાબત

આદરણીયશ્રી,

ઉપર્યુક્ત વિષય અનુસંધાને આપને ચર્ચાપત્ર રજૂ કરૂ છું. આપની અખબારયાદીમાં યોગ્ય સ્થાને મુદ્રિત કરવા વિનતી.

કલાસાહિત્યના અનમોલ વારસાનું જતન કરીએ.

માનવજાત અનાદિકાળથી જ કલાપ્રેમી રહી છે. ભીમબેટકાના ગુફાચિત્રોથી માંડીને છેક વર્તમાન કમાંગરી કે સલાટી શૈલી સુધી. કલા અને સાહિત્યથી સમાજ વિશેષરૂપે લોકસમાજનું ઘડતર છે. ~~[illegible]~~ પરંતુ દુઃખની વાત છે કે આજે સૌ તેને અવગણી રહ્યાં છે. તેનું મુખ્ય કારણ તો અખબારપત્રો દ્વારા તેનું

M-1 પ્રશ્ન: ૮

નજરઅંદાજ કરવામાં આવે છે. લોકો જેવું વાંચે તેવા
જેમ ઉત્પન્ન થાય છે અને તેવા જ બને છે.
અખબારપત્રો કેમ કલાસાહિત્યને નજરઅંદાજ કરે
છે ? કારણ કે, તેઓ લોભ, મોહ, લોકપ્રિયતા,
ચર્ચિત વિજ્ઞાપનો અને રાજનીતિમાં રચ્યા-પચ્યાં
રહે છે. પરંતુ કલાસાહિત્યને યોગ્ય સ્થાન નહી
આપે તો ભવ્ય વારસો, આપણી લોકસંસ્કૃતિ અને
જેના માટે ગૌરવ છે તેવી વિવિધતા લુપ્ત થઈ જશે
લોકો પશ્ચિમના અનુકરણે ઘેટાના ગાડરિયા પ્રવાહ'
જેવી સ્થિતિ થશે. તેથી અનુમાન વડે લોકોએ
નિર્ણયો લેવા, આપણી કલાસૃષ્ટિને આપણા જીવનમાં
ઉતારવા અને તેને ટકાવી રાખવા અખબારપત્રોએ
જેનું મુદ્રણ કરવું જોઈએ – એક ભારત, શ્રેષ્ઠ ભારતને
સાંસ્કૃતિક વૈવિધ્યથી નવાજવું જોઈએ.- એજ ~~[illegible]~~ આપણી સંસ્કૃતિમાટે

4½

Q.Q-08

DO NOT WRITE HERE

Scanned by CamScanner

| મેળવેલ ગુણ |
|---|
| |
| કુલ ગુણ : 10 |

પ્રશ્ન : ૯ (આશરે ૧૫૦ શબ્દો)

દેશ 'અ બ ક'ના નાગરિકોનો વર્ષ ૨૦૦૬થી ૨૦૧૬ દરમિયાન ઈન્ટરનેટનો ઉપયોગ ભિન્ન વયજૂથના કુલ નાગરિકોમાંથી કેટલા (%) નાગરિકોએ કરેલો છે તેની વિગતો નીચે આપેલ છે.

૨૦૦૬થી ૨૦૧૬ સુધીના સમગ્ર સમયગાળાને ધ્યાનમાં રાખીને -

(૧) દરેક વયજૂથના નાગરિકોમાં ઈન્ટરનેટના ઉપયોગ અંગે,

(૨) એક વયજૂથનાં નાગરિકોની અન્ય ત્રણ વયજૂથોના નાગિરકોના ઈન્ટરનેટ ઉપયોગ સાથે તુલના કરી,

(૩) તમામ વયજૂથોને સમગ્રપણે ધ્યાનમાં રાખીને – દેશ 'અ બ ક'ના નાગિરકોમાં ઈન્ટરનેટના ઉપયોગ અંગે તારણો આપો.

| વર્ષ | વયજૂથ (18-29) | વયજૂથ (30-49) | વયજૂથ (50-64) | વયજૂથ (65+) |
|---|---|---|---|---|
| 2006 | 86% | 82% | 70% | 32% |
| 2007 | 89% | 85% | 71% | 35% |
| 2008 | 89% | 84% | 72% | 38% |
| 2009 | 92% | 84% | 75% | 40% |
| 2010 | 92% | 85% | 74% | 43% |
| 2011 | 94% | 87% | 77% | 46% |
| 2012 | 96% | 91% | 79% | 54% |
| 2013 | 97% | 92% | 81% | 56% |
| 2014 | 97% | 92% | 81% | 57% |
| 2015 | 97% | 95% | 82% | 63% |
| 2016 | 99% | 96% | 87% | 64% |

Ans. : ઉપર્યુક્ત ~~ટે~~ ટેબલમાં દેશના નાગરિકોના વિવિધ વયજૂથનો ઇન્ટરનેટ વપરાશ આપેલો છે.

(૧) દરેક વયજૂથમાં નાગરિકોમાં ઇન્ટરનેટનો ઉપયોગ:

⇒ વર્ષ 2006માં 18-29 વર્ષના વયજૂથમાં 86% ઇન્ટરનેટનો ઉપયોગકર્તા જોવા મળે છે જે ક્રમશઃ વધીને 2016માં 99% એ પહોંચે છે — આ જ વયજૂથ સૌથી વધુ ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે.

⇒ વયજૂથ 30-49માં વર્ષ 2006થી 2016 દરમ્યાન 82% થી 96% નો વધારો જોવા મળ્યો. જે વયજૂથ 18-29ની સાપેક્ષે બીજા ક્રમાંકે ઇન્ટરનેટ વપરાશ કરે છે.

Scanned by CamScanner

⇒ વયજૂથ 50-64 માં વર્ષ 2006 થી 2016 દરમ્યાન 70 % થી 87 % સુધીનો વધારો થયો જ્યાં વર્ષ 2009 થી 2010માં .1 % ઘટાડો જોવા મળ્યો.

⇒ વયજૂથ (65 +) માં આપણે જોઈ શકીએ છીએ કે સૌથી ઓછા ઈન્ટરનેટ વપરાશકર્તા સાથે વર્ષ 2006 મા 32% થી વર્ષ 2016માં ક્રમશઃ વધારા સાથે 64% પહોંચ્યો હતો.

(2) તુલના

⇒ વયજૂથ (18-29) સૌથી વધુ ઈન્ટરનેટ વપરાશ કરે છે. ત્યાર બાદ વર્ષ 30-49 ની વયજૂથના નાગરિકો અને ત્રીજા નંબરે 50-64 વયજૂથના નાગરિકો ઈન્ટરનેટ વપરાશ કરે છે. સૌથી નીચે 65 + ની વયજૂથના લોકો ઈન્ટરનેટનો વપરાશ કરે છે

(3) સામાન્યપણે તારણો

4
Q:Q-09

⇒ દેશ 'અબક' માં વર્ષ 2006 થી વર્ષ 2016 દરમ્યાન ઈન્ટરનેટના ઉપયોગનો દર 55 % થી (સરેરાશ) વધીને 79 % (સરેરાશ) થયો હતો જ્યાં વયજૂથ વધવા સાથે ઈન્ટરનેટના ઉપયોગમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

Scanned by CamScanner

CSM-1

પ્રશ્ન:૧૦ (આશરે ૧૫૦ શબ્દો)
શિયાળાની સવારે ગુજરાત ખાતે આવેલાં નળ સરોવરની લીધેલી મુલાકાત દરમિયાન નિહાળેલા યાયાવર પક્ષીઓ વિશે તમને થયેલા અનુભવનો અહેવાલ લખો.

મેળવેલ ગુણ

કુલ ગુણ : 10

Ans. : (અ. બ. ક. અખબારપત્ર)?

સૃષ્ટિની સુંદરતા દર્શાવતા યાયાવર પક્ષીઓ

નળસરોવર,
અમદાવાદ.
17/02/2019

શિયાળાની સવાર અને ગુલાબી ઠંડી ! આવામાં સૃષ્ટિસૌંદર્ય માણવા મળી જાય તો ગોળના ગાડાં ભરાઈ ~~આવે~~ ! આવો જ સુંદર અને નયનરમ્ય અનુભવ ગતઅઠવાડિયે થયો. ગુજરાતના અમદાવાદમાં આવેલા નળસરોવરની મુલાકાત દરમ્યાન યાયાવર પક્ષીઓને નિહાળી પ્રકૃતિના ખોળામાં સમાઈ જવાનું મન થઈ ગયું. અદ્ભુત અનુભવ ! સવારના પહોરમાં જમીન અને જળના સંગમે સાયબેરિયાના લાલ, લીલા, પીળા, પોપટી પક્ષીઓ અને તેમની ચાં, ચી, ચુ, કા, કી, કુ જેવી સુંદર કર્ણપ્રિય મધુર અવાજોએ ~~મને~~ બધા ને મંત્રમુગ્ધ કરી દીધા હતાં. સ્થાનિક રહેવાસીઓને મળીને પક્ષીઓ વિશે માહિતી મેળવતાં જણાયું કે પ્રતિવર્ષ તેઓ શિયાળો ગાળવાં અહીં આવે છે અને તેમાંય સ્થળાંતરી – ધ ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ, સુરખાબ અને હોર્નબિલ પણ જોવા મળ્યાં તે લ્હાવો અવિસ્મરણીય છે.

Scanned by CamScanner

આ ઉપરાંત પક્ષીઓ એકબીજા સાથે રમત
રમતાં જોઈને બાળપણની યાદો તાજી થઈ હતી.
નજીકથી નિહાળ્યાં અને હૃદયના
યાયાવર પક્ષીઓને નજીકથી નિહાળ્યાં અને હૃદયના
ઉંડેથી અનુભવ્યુ કે સર્જનકારે આ સૃષ્ટિમાં
વૈવિધ્ય અને કળાને ભરી ભરીને આપ્યું છે.
મુલાકાત દરમ્યાન અમારા પરિવાર ઉપરાંત વિદેશી-
પર્યટકો પણ હતાં. જેઓ પક્ષીઓની ફોટોગ્રાફી
કરી રહ્યાં હતાં. બપોર થયે પક્ષીઓને
પાણીમાં રમતાં નિહાળ્યાં બાદ મળીને જમણ
કર્યું હતું અને યાયાવર પક્ષીઓ અંગે જ્ઞાન-
દીપ પ્રગટાવ્યો હતો. ખરેખર ! શિયાળાની ઋતુ
અને પ્રકૃતિમાં ઈશ્વરના દર્શન કરવા ગુજરાતના નળ-
કાંઠાની મુલાકાત લેવી સિવાય ખરી ...!

6

Q.Q-10

DO NOT WRITE HERE

Scanned by CamScanner

પ્રશ્ન:૧૧ (આશરે ૧૫૦ શબ્દો)

ખેતપેદાશોને ઓનલાઈન વેચવા માટેનું નવું પોર્ટલ એ.પી.એમ.સી.એ કાર્યરત કર્યું છે. એ અંગેના ફાયદા વિશે બે ખેડૂતમિત્રો વચ્ચે થયેલા સંવાદનું આલેખન કરો.

| મેળવેલ ગુણ |
|---|
| |
| કુલ ગુણ : 10 |

Ans. : પાત્રાલેખન આ મુજબ છે.

અ : ખેડૂત-૧
બ : ખેડૂત-૨

અ : અરે ભાય ! ગામમાં જુઓનો ટાવર આયો તો આપણને શો ફાયદો ?

બ : (સ્મિત સાથે) ઈ બહુ તો ઠીક પણ ટીવીમાં આવતું તુ કે ખેડૂતપુત્રો હવે ઘરે બેઠા ખેત ઉત્પાદનો ઓનલાઇન વેચી શકશે.

અ : (આશ્ચર્ય સાથે) હેં ! તો તો આપણને આ જુઓ ફળશે. પણ આપણા કોને ઈ બધું આવડે સે ? (મુંઝવણમાં...)

બ : હા ઈ વાતય હાચી. પણ ઓલા રામા કાકાના સોકરાને આવડતુ હશે. આપડે રાતે એની પાસે જઈ શીખી લેશું તો ?

અ : હા !. ઈ વાત સાચી. પણ આ સરકારની કરી એટલુ ઓસુ !!! પણ મને એમ કે આ કામ કેવી રીતે કરશે ?

બ : એમાં એવુ આવતુ તુ કે ઘરે બેઠા ફોનમાં બધાય માલના ભાવ દેખાય અને આંકડે જ્યારે વેચવુ હોય ત્યારે તેમાં જોયને ઓર્ડર કરવાનો એટલે લેવા વાળા આવી જાસે...

અ : (હરખથી...) વાહ... તો ઓલા વચેટિયા હવે એમને...

બ : બિલકુલ સાચુ કીધુ... તો હાલો રોંઢો કરી લેવી... આવજો... (હરખથી છુટા પડે છે.)

4 Q.Q-1

Scanned by CamScanner

પ્રશ્ન:૧૨ આપેલ અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં ભાવાત્મક અનુવાદ કરો.

Sir William Jones announced his 'discovery' of Sanskrit in a powerful tribute to that language: "The Sanscrit language, whatever be its antiquity, is of a wonderful structure; more perfect than the Greek, more copious than the Latin, and more exquisitely refined than either, yet bearing to both of them a stronger affinity, both in the roots of verbs and in the forms of grammar, than could possibly have been produced by accident; so strong indeed, that no philologer could examine them all three, without believing them to have sprung from some common source, which, perhaps, no longer exists: there is a similar reason, though not quite so forcible, for supposing that both the Gothick and the Celtick, though blended with a very different idiom, had the same origin with the Sanscrit; and the old Persian might be added to the same family."

Page 408 | 'The Battle for Sanskrit' by Rajiv Malhotra
HarperCollins Publishers, India
(ISBN: 978-93-5177-538-6)

Ans. : સર વિલિયમ જોન્સે તેમની 'શોધ'ને ~~સંક~~ સંસ્કૃત ભાષાની મોટી શ્રદ્ધાંજલી અર્પી: સંસ્કૃત ભાષાએ જેવી પણ હોય તેનું માળખું અદ્ભુત છે. તે ગ્રીક કરતા વધુ સંપૂર્ણ છે અને લેટીન કરતા વધુ નકલી, આ બંને કરતા તે વધુ સચોટ છે. આ બંનેની શક્તિશાળી જોડાણ, બંનેના ક્રિયાપદોના મૂળમાં કે વ્યાકરણ ભાગમાં, તેઓ આકસ્મિત રીતે બની હોય તેવી સંભાવના ~~ના~~ હોય શકે. તેથી ખરેખર કોઈ પણ ફિલસૂફ આ ત્રણેયને ચોક્કસ રીતે એક જ મૂળ ની સમજ્યા વગર અભ્યાસ ના કરી શકે.

Scanned by CamScanner

જે હવે અસ્તિત્વમાં પણ નથી રહ્યું. તેના માટે સમાન કારણો છે. તેને કોઈ બળપૂર્વક નથી મિટાવી શકાતું. દાખલા તરીકે બંને ગોથિક અને સેલ્ટીક બંને જુદી જુદી કહેવતોમાં જોડાય છે - જ્યાં બંનેનું મૂળ ઉદ્ભવ સંસ્કૃતમાં છે: તથા જૂની પર્શિયન પણ આજ કુટુંબ (મૂળ)માં ઉમેરેલી હોય શકે.

3
Q.Q-12

પેજ નં. - ४०८ / ધ બેટલ ઓફ
સંસ્કૃત - રાજીવ મલ્હોત્રા
(ISBN: 978-93-5177-538-6)

પ્રશ્ન:૧૩ સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો.
(૨×૧૦=૨૦ ગુણ)

૧૩.૧ : રૂઢિપ્રયોગોનો અર્થ આપી તેમનો વાક્યમાં પ્રયોગ કરો.

૧૩.૧.૧ પવન પર ચઢવું

૧૩.૧.૨ સળી આપવી

મેળવેલ ગુણ | કુલ ગુણ : ૨

Ans. :

૧૩.૧.૧. – પવન પર ચઢવું – અભિમાન આવવું ~~અશક્ય વાત કરવી કે પ્રયત્ન કરવાં.~~

0 Q.Q-13-1-1

વાક્યપ્રયોગ : દૌલત વધતા લોકો પવન પર ચઢી જાય છે

૧૩.૧.૨. સળી આપવી – મદદ કરવી

0 Q.Q-13-1-2

વાક્યપ્રયોગ: સરકાર ગરીબોને અનેક રીતે સળી આપે છે

૧૩.૨ : કહેવતોનો અર્થ સમજાવો.

૧૩.૨.૧ આવે ત્યારે ઘોડાના વેગે; જાય ત્યારે કીડીને વેગે

૧૩.૨.૨ મોર પીછાંથી રળિયામણો

મેળવેલ ગુણ | કુલ ગુણ : ૨

Ans. :

૧૩.૨.૧. આરંભે શૂરા, શરૂઆતમાં ફુલ જોશ, અંતે ઢીલાશ/આળસ

૧૩.૨.૨. વ્યક્તિની પરખ તેના કાર્ય, ગુણોથી જ થાય

0 Q.Q-13-2-1

0 Q.Q-13-2-2

૧૩.૩ : સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો.

૧૩.૩.૧ ગર્ભશ્રીમંત

૧૩.૩.૨ સુખાંત

મેળવેલ ગુણ | કુલ ગુણ : ૨

Ans. :

? ?

૧૩.૩.૧. જન્મથી અમીર – તત્પુરુષ સમાસ

1 Q.Q-13-3-1

૧૩.૩.૨. સુખમય અંત – કર્મધારય સમાસ

0 Q.Q-13-3-2

Scanned by CamScanner

१३.४ : પંક્તિઓના છંદ ઓળખાવો.

१३.४.१ આવ્યો આવ્યો એ જ આષાઢ પાછો, ગોરંભામાં વીજ સંચાર આછો;
ઊંચી ડોકે ડુંગરે દર્દ મીઠા- ગે'કી રે'તા મોરલા મત્ત દીઠા.

१३.४.२ જોયો તામિલ દેશ બેસી ઘરમાં કે માર્ગમાં ખેતરે,
જોયાં પ્રાંગણ સ્વસ્તિકે સુહવતાં માંગલ્ય નિત્યે ધરી.

મેળવેલ ગુણ | કુલ ગુણ : 2

Ans. :

13.४.१. – ઇન્દ્રવજ્રા છંદ

१३.४.२ – શાર્દૂલવિક્રીડિત છંદ

0 Q.Q-13-4-1

1 Q.Q-13-4-2

१३.५ : અલંકાર ઓળખાવો.

१३.५.१ જો ચંદ્રમંડલમાં બે નીલકમલ હોત તો એ સુલોચનાના મનોહર વદનની સરખામણી થઈ શકત.

१३.५.२ સારી ક્રિયાઓને પ્રવર્તાવતો, દિશાઓના માલિન્યને-મલિનતાને દૂર કરતો, અત્યંત તેજસ્વી દેદીપ્યમાન એવો વિભાકર પ્રકાશે છે.

મેળવેલ ગુણ | કુલ ગુણ : 2

Ans. : १३.५.१ : ઉત્પ્રેક્ષા અલંકાર
~~સ્વભાવોક્તિ અલંકાર~~

१३.५.२ – શ્લેષ અલંકાર : વિભાકર – સૂર્ય / ગુરૂ / પ્રભાવી વ્યક્તિ

0 Q.Q-13-5-1

1 Q.Q-13-5-2

१३.६ : શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

१३.६.१ કોઈ પણ વિજ્ઞાનની સાંકેતિક ભાષા

१३.६.२ નિષ્પક્ષ વ્યક્તિ

મેળવેલ ગુણ | કુલ ગુણ : 2

Ans. :

१३.६.१ – પરિભાષા

१३.६.२ – લવાદ

1 Q.13-6-1

1 Q.13-6-2

Scanned by CamScanner

૧૩.૭ : શબ્દોની જોડણી સુધારો.

૧૩.૭.૧ ત્રીવીષ્ટપ

૧૩.૭.૨ શૂશ્રુસા

Ans. :

૧૩.૭.૧. ત્રિવિષ્ટપ

૧૩.૭.૨ શુશ્રૂષા

1 Q 13-7-2

૧૩.૮ : વાક્યોમાં જોડણી અને વાક્યરચનાની ભૂલો સુધારો.

૧૩.૮.૧ નિતીનો વિચાર ઘણી વાર સંકૂચિતતાથી અને ખોટી રીતે કરવામાં આવો છે.

૧૩.૮.૨ તેઓએ પણ ઘણો શ્રમ કરી, ઘણું દુખ વેઠી ઘણો વાર હાર ખાઈ પોતાની સકિતઓ કેળવી હોય છે...

Ans. :

૧૩.૮.૧. નીતિનો વિચાર ઘણી વાર સંકુચિતતાથી અને ખોટી રીતે કરવામાં આવ્યો છે.

0 Q.13-8-1

૧૩.૮.૨. તેઓએ પણ ઘણો શ્રમ કરી, ઘણું દુઃખ વેઠી, ઘણી વાર હાર ખાઈ પોતાની શક્તિઓ કેળવી હોય છે.

1 Q.13-8-2

૧૩.૯ : શબ્દોની સંધિ જોડો અને છોડો.

૧૩.૯.૧ શબ્દની સંધિ જોડો | ચિદ્ + મય

૧૩.૯.૨ શબ્દની સંધિ છોડો | ઋષીશ્વર

Ans. :

૧૩.૯.૧. ચિદ્+મય → ચિન્મય

1 Q.13-9-1

૧૩.૯.૨. ઋષીશ્વર → ઋષિ+ઈશ્વર

1 Q.13-9-2

મેળવેલ ગુણ

કુલ ગુણ : 2

CSM-1

Scanned by CamScanner

૧૩.૧૦ : વાક્યરચના અંગે આપેલ સૂચના મુજબ ઉત્તર આપો.
૧૩.૧૦.૧ નિષેધ વાક્યમાં ફેરવો | કોણ આવે છે?
૧૩.૧૦.૨ પ્રેરક વાક્યમાં ફેરવો | હું કામ કરું છું.

મેળવેલ ગુણ

કુલ ગુણ : 2

Ans. :

૧૩.૧૦.૧. નિષેધ : ~~કોઈ નથી~~
કોઈ આવતું નથી.

0
Q.13-10-1

૧૩.૧૦.૨.
મારા પિતાએ મારી પાસે કામ કરાવ્યું

0
Q.13-10-2

DO NOT WRITE HERE

Scanned by CamScanner